અપીલ અરજી નં.૩૬૪ તા.૧૯–૧–૧૦

અરજદારઃ– શ્રી કિશોરકુમાર નુરી મીડીયા
સામાવાળાઃ– ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી કિશોરકુમાર નુરી મીડીયા લી.ની તા.૪/૧૯–૧૧–૦૯ ની અરજીથી શ્રી સંદાણે ચંદાબેન ભાવલાલભાઈ, વરાછા, સુરત.નું નામ બી.પી.એલ. કાર્ડ (યાદી) માં દાખલ કરવા કરેલ કાર્યવાહી ની વિગત તથા તેના નોટીંગ વિભાગની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૯–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૬૪/૨૦૦૯–૧૦

શ્રી કિશોરકુમાર નુરી મીડીયા લી.ની તા.૪/૧૯–૧૧–૦૯ ની અરજીથી શ્રી સંદાણે ચંદાબેન ભાવલાલભાઈ, વરાછા, સુરત.નું નામ બી.પી.એલ. કાર્ડ (યાદી) માં દાખલ કરવા કરેલ કાર્યવાહી ની વિગત તથા તેના નોટીંગ વિભાગની માહિતી આપવા બાબતે ઈ.ચા.ચીફ પ્રોજેકટ ઓફિસરઅને જાહેર માહિતી અધિકારી (યુસીડી)ના પત્ર નં.યુ.સી.ડી/૧૨૩૫ તા.૨૪–૧૨–૦૯ થી આપેલ માહિતીના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૪૪ તા.૨–૨–૧૦ થીઈ.ચા. પ્રોજેકટ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી) તથા અરજદારને કઈ માહિતી મુળ અરજીના સંદર્ભે મળી નથી તેની સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી યુસીડી/આ.નં.૧૪૪૨ તા.૮–૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે.

અરજદારની તા.૪/૧૯–૧૧–૦૯ ની મુખ્યમંત્રી કાર્યાલયને મળેલી શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. વિ. ના પત્ર નં.પરચ/૮૦૨૦૦૯/આરટીઆઈ/૬૮/પી તા.૧૭–૧૧–૦૯ ના પત્ર ધ્વારા અત્રે સુરત મહાનગરપાલિકાને તા.૧૯–૧૧–૦૯ ના રોજ મળેલ અરજીલાગત જાહેર માહિતી અધિકારીએ તા.૨૭–૧૧–૦૯ ના રોજ ઉપરોકત વિષય બાબતે સ્વીકારેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પત્ર નં.યુસીડી/૧૨૩૫ તા.૨૪–૧૨–૦૯ થી શ્રી સંદાણે ચંદાબેન ભાવલાલભાઈ, વરાછા, સુરત.નું નામ બી.પી.એલ. કાર્ડ (યાદી) માં દાખલ કરવાની વિગતો સંદર્ભમાં અરજદારની અરજી સંદર્ભે સ્થળ ચકાસણી કરતાં તેઓની આવક નિયત મર્યાદા કરતાં વધુ જણાયેલ હોવાથી તેઓની અરજી તા.૨૮–૧૧–૦૯ ના રોજ રદ કરવામાં આવેલ છે. વધુમાં અરજદારને પત્ર નં. યુસીડી/૧૨૩૭ તા.૨૪–૧૨–૦૯ ના રોજ બીપીએલ યાદીમાં સમાવેશ માટે કરેલી અરજીમાં અરજદારે સ્વયં નિયત આવક મર્યાદા કરતાં વધુ આવક દર્શાવેલ હોવાથી સ્ક્રીટીની દરમ્યાન આપો આપ અરજી રદ થયેલ છે. તેવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. તથા પત્ર નં.યુસીડી/૧૧૦૮ તા.૨૧–૧૧–૦૯ સુરત મહાનગરપાલિકા ધ્વારા ભારત સરકારશ્રીની સુવર્ણ જંયતિ શહેરી રોજગાર યોજનાની ગાઈડ લાઈન મુજબ રૂા.૫૦૧.૧૪ પૈસાની માથાદીઠ માસીક આવક મર્યાદા કરતાં અરજદારે રજૂ કરેલ અરજી ફોર્મમાં દર્શાવેલ આવક વધુ હોય અરજી રદ થયેલ છે તેવું અરજદારને જણાવેલ છે. અરજદારે તા.૧૯–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી એપેલેટ અધિકારીના નામ અને એડ્રેસની વિગત માંગેલ છે. તેમજ માહિતી ૩૫ દિવસના વિલંબ બાદ આપવા બદલ ફ્રી માહિતીની રજૂઆત કરેલ છે. તથા પીઆઈઅઓને દંડકીય કાર્યવાહીની રજૂઆત કરેલ છે. અરજદારે અપીલ અરજીમાં મુળ અરજી બાબતે શું માહિતી મળેલ નથી તે અરજદારને નં.આરટીઆઈ/૧૨૪૪ તા.૨–૨–૧૦ ના રોજ પત્ર પાઠવી તક આપવા છતાં પણ જણાવેલ નથી. અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારની બીપીએલ કાર્ડની કાર્યવાહી બાબતેની માહિતી પૂરી પડાયલ જણાય છે. પરંતુ નોટીંગ વિભાગ પૂરો પાડેલ જણાતો નથી. વધુમાં એપેલેટ અધિકારીની વિગતો સુરત મહાનગરપાલિકાની WWW.suratmunicipal.gov.in પર મુકવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪/૧૯–૧૧–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી નોટીંગ વિભાગની નહીં પૂરી પડાયેલી માહિતી પૈકી આરટીઆઈ કાયદાની કલમ–૭(૩) અને નિયમ–૫(બી) મુજબ ફી ભરપાઈ કરાવી પૂરી પાડવા ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)ને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ દંડાત્મક જોગવાઈ અંગે કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છ

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઈ.ચા. પ્રોજેકટ ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (યુસીડી)....જાણ તથા અમલ માટે
(૨) શ્રી કિશોરકુમારનુરી મીડીયા લી